Letter No: COS/0215/04/2026 Approved Date: 09-04-2026

નિયામકશ્રી શાળાઓની કચેરી,
વિદ્યા સમિક્ષા કેન્દ્ર,
બીજો માળ, પુનિતવનની સામે,
સેક્ટર-૧૯, ગાંધીનગર.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
તમામ.

વિષય: શ્રીમતી મીતા સી. પંડ્યા વિશિષ્ટ શિક્ષક, શ્રી જલારામ જનસેવા ટ્રસ્ટ, ધર્મજની કેન્સરની સારવાર સબંધે ખાસ રજાની જોગવાઇ/ખાસ રજા તરીકે રજા મંજુર કરવા બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગનો તા. ૧૧/૦૨/૨૦૨૫નો પત્ર.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ દર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરીદ્વારા તા. ૧૨/૦૭/૨૦૨૪ના પત્રથી શ્રીમતી મીતા સી. પંડ્યા વિશિષ્ટ શિક્ષક તરીકે શ્રી જલારામ જનસેવા ટ્રસ્ટ, ધર્મજની કેન્સરની સારવાર સબંધે ખાસ રજાની જોગવાઇ/ખાસ રજા તરીકે રજા મંજુર કરવા બાબતની રજુઆત પરત્વે યોગ્ય નિર્ણય/માર્ગદર્શન/આદેશ થઇ આવવા શિક્ષણ વિભાગમાં દરખાસ્ત રજુ કરેલ.

જે પરત્વે શિક્ષણ વિભાગ દ્વારા, બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાના કર્મચારીઓ સંબંધિત ગુ.મા.ઉ.મા.શિ. વિનિયમો-૧૯૭૪ માં કેન્સર જેવા રોગની સારવાર સંબંધે કોઇ રજાની જોગવાઇ થયેલ નથી. ગુજરાત મુલ સેવા (રજા) નિયમો-૨૦૦૨ માં ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ માં નિયમ (૭૬); 'ક્ષય/કેન્સર/કુષ્ઠ રોગની રજા સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિયત કરાયેલ અને વખતો વખત સુધારેલ ક્ષય રોગ, કેન્સર કે કુષ્ઠ રોગથી પીડાતા સરકારી કર્મચારીઓને સવલતો આપતા નિયમો હેઠળ, તે તે રોગોથી પીડાતા સરકારી કર્મચારી પણ રજાના હકદાર થશે. તે મુજબની જોગવાઇ છે. પરંતુ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ક્ષય, રક્તપિત્ત, કેન્સર તથા મૂત્રપિંડના રોગોથી પીડાતા કર્મચારીઓ માટેના સારવારના નિયમો માટેના તા. ૧૫/૦૭/૧૯૮૯ના ઠરાવની જોગવાઇઓ બિન- સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના કર્મચારીઓને લાગુ પાડેલ ન હોય હાલની રજાની જોગવાઇ મુજબ નિર્ણય કરવા વિનંતી કરેલ છે.

જે અન્વયે આગળની નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નોંધ પર મળેલ માન. સંયુક્ત શિક્ષણ નિયામકશ્રી (માધ્ય) ના આદેશ મુજબ.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા., ગાંધીનગર

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી 1442
14/4/26
સહી

જા.નં.ક-૧/માધ્યમિક/૨૦૨૫-૨૬/4024
જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
અનાવીલ ભવન સામે, કારેલીબાગ,
વડોદરા તા.25/૦૪/૨૦૨૬

પ્રતિ: જાણ તથા અમલવારી કરવા સારું.

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા.

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાઓ, (તમામ)
જિ.વડોદરા.
નકલ રવાના : (જાણ તથા અમલવારી સારું.)
– શિ.નિ.શ્રી/મ.શિ.નિ.શ્રી, (તમામ) જિ.વડોદરા.

Signature Not Verified

Signed by Jayeshbhai Mohanbhai Patel
Deputy Director
Date:2026.04.09
17:42:55 +5:30

File No: COS/RJA/e-file/276/2024/1226/SECONDARY
Approved By: Deputy Director,SECONDARY,COS
Open the document in Adobe Acrobat DC to verify the E-sign



Scanned with OKEN Scanner

પત્ર ક્રમાંક: **ED/GRF/e-file/3/2024/3317/G**

શિક્ષણ વિભાગ, બ્લોક નં. ૨/છઠ્ઠો માળ,

સચિવાલય, ગાંધીનગર.

પ્રતિ,

નિયામકશ્રી,

કમિશનરશ્રી શાળાઓની કચેરી,

વિદ્યાસમીક્ષા કેંદ્ર, સેકટર-૧૯,

ગાંધીનગર.

વિષય: કેન્સરની સારવાર સબંધે જોગવાઇ/ખાસ રજા મંજુર કરવા અંગેની રજુઆત.

શ્રીમાન,

ઉપરોકત વિષય પરત્વે આપના તા.૧૨/૦૭/૨૦૨૪ના પત્ર ક્રમાંક: COS/0097/07/2024થી મળેલ કેન્સરની સારવાર સબંધે જોગવાઇ/ખાસ રજા મંજુર કરવા અંગેની દરખાસ્ત અન્વયે જણાવવાનું કે બિનસરકારી અનુદાનિત માધ્યમિક શાળાના કર્મચારીઓ સંબંધિત ગુ.મા.ઉ.મા.શિ. વિનિયમો-૧૯૭૪ માં કેન્સર જેવા રોગની સારવાર સંબંધે કોઇ રજાની જોગવાઈ થયેલ નથી. ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો-૨૦૦૨ માં ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો ૨૦૦૨ માં નિયમ (૭૬): 'ક્ષય/કેન્સર/કુષ્ઠ રોગની રજા સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ દ્વારા નિયત કરાયેલ અને વખતોવખત સુધારેલ ક્ષય રોગ, કેન્સર કે કુષ્ઠ રોગથી પીડાતા સરકારી કર્મચારીઓને સવલતો આપતા નિયમો હેઠળ, તે તે રોગોથી પીડાતા સરકારી કર્મચારી પણ રજાના હકદાર થશે.' તે મુજબની જોગવાઈ છે. પરંતુ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ક્ષય, રક્તપિત્ત, કેન્સર તથા મૂત્રપિંડના રોગોથી પીડાતા કર્મચારીઓ માટેના સારવારના નિયમો માટેના તા.૧૫/૦૭/૧૯૮૯ના ઠરાવની જોગવાઈઓ બિન- સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના કર્મચારીઓને લાગુ પાડેલ ન હોય હાલની રજાની જોગવાઈ મુજબ નિર્ણય કરવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

(એ.જી. ચૌધરી)
ઉપ સચિવ
શિક્ષણ વિભાગ

Signature Not Verified
Signed by: Alkesh Chaudhari
Under Secretary
Date: 2025.02.12 11:17:38 +05:30

File No: ED/GRF/e-file/3/2024/3317/G
Approved By: Deputy Secretary,G,ED
Open the document in Adobe Acrobat DC to verify the E-sign



Scanned with OKEN Scanner